# વૈષ્ણવ નથી થયો તું રે

(દયારામ)

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘૂમે... વૈષ્ણવ૦ ટેક

હરિજનને જોઈ હૈડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં,
કામ ધામ ચટકી નથી પટકી, ક્રોધે લોચન રાતાં... વૈષ્ણવ૦ ૧

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે, તહાં લગી તું કાચો... વૈષ્ણવ૦ ૨

પર દુઃખ દેખી હૃદે ન દાઝે, પર નિંદાથી નથી ડરતો,
વ્હાલા નથી વિઠ્ઠલશું સાચું, હઠે ન હું હું કરતો... વૈષ્ણવ૦ ૩

પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,
કહેણી તેવી રહેણી ન મળે, કહાં લખ્યું એમ કહેની... વૈષ્ણવ૦ ૪

ભજવાની રુચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,
જગત તણી આશા છે જહાં લગી, જગત ગુરુ તું દાસ... વૈષ્ણવ૦ ૫

મન તણો ગુરુ મન કરીશ તો, સાચી વસ્તુ જડશે,
'દયા' દુઃખ કે સુખ માન પણ, સાચું કહેવું પડશે... વૈષ્ણવ૦ ૬

ભક્તિમિત્ર • bhaktimitra.in